ગાંધીનગર સમાચાર

તા. ૪-૬-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

# ભ્રૂણ હત્યા રોકવા માટે હજી વધુ સઘન ઝુંબેશની જરૂર

ગુજરાતના માથે સૌથી મોટું સાંસ્કૃતિ કલંક ભ્રૂણહત્યાનું છે. દેશમાં સૌથી વધુ પ્રમાણમાં ભ્રૂણ પરીક્ષણ કરી કન્યાભ્રૂણનો નિકાલ કરી દેવામાં પંજાબ, ચંડીગઢ અને હરિયાણાની પંગતમાં અગ્રક્રમે રહેતા ગુજરાતને આ કલંકથી બચાવવા ‘બેટી બચાવો’ ઝૂંબેશ મોટા પ્રમાણમાં ચલાવાયા છતાં એનું ધાર્યું પરિણામ મેળવી શકાયું નથી. બાળજાતિ સુધારામાં ગુજરાત સાતમા ક્રમે રહ્યું છે. તે સરકાર અને પ્રજા બેઉ માટે શરમજનક બાબત જ ગણાય. છેલ્લા દાયકા દરમિયાન ‘બેટી બચાવો’ કે ‘બેટી વધાવો’ જેવા રૂપકડા કાર્યક્રમો હેઠળ જે તડાકા-ભડાકા થયા એના પ્રમાણમાં ઉપલબ્ધ આંકડા ઉત્સાહ પ્રેરક નથી જ નથી. ગર્ભના જાતિ પરીક્ષણ પર કડક નિયંત્રણ મુકાયું હોવા છતાં એક યા બીજા બહાના હેઠળ આ સિલસિલો ચાલુ જ રહેવા પામ્યો છે. સ્ત્રી ભ્રૂણ હત્યાનું પ્રમાણ ઘટ્યું છે ખરું પરંતુ હજી જે ફેરફાર નોંધાયો છે તે બહુ નોંધપાત્ર નથી. જાતિ દરમાં જે પાંચ જિલ્લાઓમાં સૌથી નોંધપાત્ર સુધારો નોંધાયો છે તેમાં મહેસાણા, આણંદ, ગાંધીનગર, પાટણ અને સાબરકાંઠાનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં ધીમી ગતિએ સેક્સ રેશિયો સુધરી રહ્યો હોવાનો સંતોષ જરૂર લઈ શકાય, છતાં હજી જે ખાઈ છે તે ઘણી મોટી છે. એક હજાર છોકરાઓ સામે ૨૦૦૧ના વર્ષમાં મહેસાણા જિલ્લામાં ફક્ત ૮૦૧ છોકરીઓ જન્મી હતી. કુદરતી ક્રમ મુજબ સ્ત્રી-પુરુષ જન્મદર સમાન ગણીએ તો ખાસ્સો ૨૦૦ જેટલો તફાવત હોય, અર્થાત્ એટલી દીકરીઓને ગર્ભમાં જ મારી નાખવામાં આવી હતી એમ કહી શકાય. આક્રમક સામાજિક અને સરકારી ઝુંબેશની ફલશ્રુતિ થકી એક દાયકા પછી દર હજારો ફક્ત ૪૧ કન્યાભ્રૂણને બચાવી શકાયાં છે! ૨૦૧૧ની ગણતરી મુજબ સૌથી મોટો વધારો કે સુધારો મહેસાણામાં જ નોંધાયો છે. મહેસાણાનું નામ રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ કન્યા ભ્રૂણ હિંસા ધરાવતા શહેર અને જિલ્લા મથક તરીકે ખૂબ ગાજ્યું હતું તે યાદ હશે. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર ૨૦૦૧ના વર્ષમાં દર હજાર છોકારાઓની સામે ૮૧૬ છોકરીઓ જન્મી હતી. એક દાયકા પછી ગુજરાતના પાટનગરમાં હજારે એકત્રીસ કન્યાઓ વધુ જન્મી શકી છતાં એકસો ત્રેપ્પનની ઘટ તો રહી જ છે. મૂળે આ પ્રશ્ન માનસિકતાનો છે. દીકરીને સાપનો ભારો માનતા ભારતીય સમાજમાં જે પુત્ર પ્રધાન સંસ્કૃતિની પરંપરા ચાલી છે એમાં કેળવણી કે સુધરેલી આર્થિક સ્થિતિ સુધ્ધાં ફરક પાડી શકી નથી. ઊલટાનાં ભણેલાં ગણેલાં સંપન્ન કુટુંબો જ ભ્રૂણ પરીક્ષણ કરાવી કન્યા જન્મના બોજમાંથી છુટકારો મેળવવામાં મોખરે રહ્યાં છે. અભણ, ગરીબ માનવી પાસે તો એવી મોંઘીદાટ તપાસ કે ઓપરેશન કરાવવાની જોગાવાઈ જ નથી હોતી. આથી કન્યા જન્મનો દર રબારી જેવી કન્યાવિક્રય ધરાવતી જ્ઞાતિઓ કે આદિવાસી દલિત-બક્ષી વર્ગોમાં ઘણો ઊંચો જોવા મળતો રહ્યો છે અને કહેવાતા ભદ્ર સમાજમાં એ સૌથી નીચો જોવા મળે છે. નવધનિક પાટીદાર સમાજ ભ્રૂણ પરીક્ષણ અને ભ્રૂણ નિકાલમાં મોખરે રહેતો આવ્યો છે. આશ્ચર્યની વાત છે કે, ઉમિયા, અર્બુદા અને હરસિદ્ધિ જેવી માતાઓને પૂજનારો અને વિવિધ ધાર્મિક ક્રિયાકાંડો પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરનારા આ નવધનિકોને પોતાના લોહીથી રચાયેલ કન્યાભ્રૂણની હત્યા કરતાં લેશ પણ ખંચકાટ નથી થતો.સ્ત્રીઓની પરંપરાગત માનસિકતા પણ પુત્ર સંતતિને જ પ્રાધાન્ય આપતી હોઈ કન્યા ભ્રૂણ માટે એના અસ્તિત્વ સામે ઉભય પક્ષે પડકાર રહ્યા કરે છે. આથી ઊભું થયેલું લૈંગિક અસંતુલન હવે તો છાપરે ચડીને બોલતું થયું છે. કહેવાતા ભદ્ર સમાજમાં કન્યાઓની અછત સરજાતાં છોકરાઓ કુંવારા રહી જાય છે, કાં તો એમને કન્યાઓ ખરીદવી પડે છે. આથી જે પ્રકારની વિષમ સામાજિક પરિસ્થિતિ સરજાઈ રહી છે તે આવનારાં વર્ષોમાં વધુ ભયંકર સ્વરૂપ ધારણ કરે તેવી શકયતા નકારી શકાય એમ નથી. અંગ્રેજીમાં એક આશાવાદી કહેવત છે : સુધરવા માટે ક્યારેય મોડું થઈ ગયું છે એમ ન માનવું. ચાલો સુધરી જઈએ !

# રાજયનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૬.૪૩ ટકા પરિણામ

અમદાવાદ,તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. માર્ચ ૧૦૧૩માં ૩૫૦ કેન્દ્રો ઉપરથી લેવાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું ૬૬.૪૩ ટકા જ્યારે વ્યવસાયલક્ષી પ્રવાહનું ૭૪.૦૩ ટકા પરિણામ અને ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ ૭૩.૯૫ ટકા જાહેર કરવામાં આવ્યું છે. પરિણામ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ખુશીનું મોજું ફળી વળ્યું હતું. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહની વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહમાં કુલ ૫,૧૮,૬૨૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાંથી ૩,૪૪,૯૩૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થવામાં સફળ રહ્યા છે. જે સાથે રાજ્યનું સરેરાશ પરિણામ ૬૬.૫૧ ટકા જાહેર કરાયું છે. જે ગત વર્ષ કરતા ૧.૯૩ ટકા જેટલું ઓછું પરિણામ છે. ગત વર્ષે ૬૮.૪૪ ટકા પરિણામ જાહેર થયું હતું. ગ્રેડ વાઈઝ પરિણામની વાત કરવામાં આવે તો પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ૫,૧૮,૬૨૭ વિદ્યાર્થીઓમાંથી ૯૨ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૬૬૦૨ વિદ્યાર્થી એ ટુ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. તો ૧૪૫૯ વિદ્યાર્થીઓ ૨૦ ટકા પાસીંગ માર્કસની મદદથી પાસ થયા છે. રાજ્યમાં સૌથી વધુ પરિણામ સાબરકાંઠા જિલ્લામાં ૮૧.૯૧ ટકા જાહેર થયું છે. જ્યારે ૪૭.૧૩ ટકા પરિણામ સાથે પોરબંદર જિલ્લાનું સૌથી ઓછું પરિણામ રહ્યું છે. કેન્દ્રમાં સૌથી વધુ ઝાલોદ કેન્દ્રનું ૯૭.૭૧ ટકા પરિણામ અને સૌથી ઓછું દ્વારકા કેન્દ્રનું ૩૫.૭૪ ટકા પરિણામ જાહેર થયું છે. આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ મેળવનારી શાળાઓની સંખ્યા ગત વર્ષ કરતા ઘટીને ૬૫ થઈ ગઈ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછી પરિણામ મેળવનારી શાળાઓની સંખ્યા ઘટીને માત્ર ચાર જ રહી છે. રાજ્યમાં કુલ ૯૭૩૬૭ વિદ્યાર્થીઓ માત્ર એક વિષયમાં નાપાસ થયા છે. જેમની પૂરક પરીક્ષા શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માર્ચ ૨૦૧૩માં બોર્ડ દ્વારા લેવાઈ હતી. જેમાં ૮૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ આચરતા ઝડપાયા હતા. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ વખતે રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. આ સંખ્યા ૧૯૯થી ઘટીને ૬૫ થઈ ગઈ છે. માર્ચ ૨૦૧૨માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૧૯૯ સ્કૂલોએ ૧૦૦ ટકા પરિણામ મેળવવામાં સફળતા મેળવી હતી પરંતુ આ વખતે ૬૫ સ્કૂલો જ એવી રહી છે જે સ્કૂલોનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા આ વખતે ઘટી છે. માર્ચ ૨૦૧૨માં આ સંખ્યા ૩૩ની હતી જ્યારે આ વખતે સંખ્યા ઘટીને માત્ર ૪ થઈ ગઈ છે. આનો મતલબ એ થયો કે પરિણામમાં સુધારો કરનાર સ્કૂલોની સંખ્યા ચોક્કસપણે વધી છે પરંતુ ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી છે. એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૭૩૩૭ નોંધાઈ છે. આ તમામ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા જુલાઈ માસમાં લેવામાં આવશે. આ સંબંધમાં વધુ માહિતી વિદ્યાર્થીઓ પોતપોતાની સંબંધિત સ્કૂલોમાંથી મેળવી શકશે. પરિણામ સુધારણાવાળા વિદ્યાર્થીઓને નિર્ધારિત સમયની અંદર ફોર્મ ભરીને જરૂરી ફી જમા કરાવવાની રહેશે. પૂરક પરીક્ષા આગામી મહિનામાં લેવામાં આવશે જેની તારીખ ટૂંક સમયમાં જ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવશે.

## પૂરક પરીક્ષાઓ જુલાઈ માસમાં લેવાનો નિર્ણય

એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૭૩૩૭ નોંધાઈ છે. આ તમામ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા જુલાઈ માસમાં લેવામાં આવશે. આ સંબંધમાં વધુ માહિતી વિદ્યાર્થીઓ પોતપોતાની સંબંધિત સ્કૂલોમાંથી મેળવી શકશે. પરિણામ સુધારણાવાળા વિદ્યાર્થીઓને નિર્ધારિત સમયની અંદર ફોર્મ ભરીને જરૂરી ફી જમા કરાવવાની રહેશે. પૂરક પરીક્ષા આગામી મહિનામાં લેવામાં આવશે જેની તારીખ ટૂંક સમયમાં જ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા દરમિયાન ગેરરીતિના કુલ ૮૨ કેસ નોંધાયા હતા.

## ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ઘટીને ૬૫ થઈ ગઈ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યું હતું. એકંદરે સામાન્ય પ્રવાહમાં રાજ્યનું પરિણામ ૬૬.૫૧ ટકા રહ્યું છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ વખતે રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. આ સંખ્યા ૧૯૯થી ઘટીને ૬૫ થઈ ગઈ છે. માર્ચ ૨૦૧૨માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષામાં સામાન્ય પ્રવાહમાં ૧૯૯ સ્કૂલોએ ૧૦૦ ટકા પરિણામ મેળવવામાં સફળતા મેળવી હતી પરંતુ આ વખતે ૬૫ સ્કૂલો જ એવી રહી છે જે સ્કૂલોનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા આ વખતે ઘટી છે. માર્ચ ૨૦૧૨માં આ સંખ્યા ૩૩ની હતી જ્યારે આ વખતે સંખ્યા ઘટીને માત્ર ૪ થઈ ગઈ છે. આનો મતલબ એ થયો કે પરિણામમાં સુધારો કરનાર સ્કૂલોની સંખ્યા ચોક્કસપણે વધી છે પરંતુ ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી છે.

## સામાન્ય પ્રવાહ : ગ્રેડ વાર રિઝલ્ટનું ચિત્ર...

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહમાં ૫૧૭૪૦૦ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૫૧૨૯૧૧ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૫૧૭૪૦૦ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૫૧૨૯૧૧ |
| એ વન ગ્રેડ | ૯૧ |
| એ ટુ ગ્રેડ | ૬૪૯૩ |
| બી વન ગ્રેડ | ૪૭૪૫૮ |
| બી ટુ ગ્રેડ | ૧૦૫૧૪૭ |
| સી વન ગ્રેડ | ૧૦૬૭૯૧ |
| સી ટુ ગ્રેડ | ૪૫૪૮૧ |
| ડી ગ્રેડ | ૨૯૨૫૨ |
| ઈ વન અને ઈ ટુ | ૧૭૨૧૯૮ |
| ટકાવારી | ૬૬.૪૩ |

## વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગ્રેડ વાર પરિણામ.......

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ વ્યવસાયલક્ષીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જે ૭૪.૦૩ ટકા રહ્યું છે. વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૨૨૭૪ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૨૨૬૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયલક્ષી પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૨૨૭૪ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૨૨૬૫ |
| એ વન ગ્રેડ | ૧ |
| એ ટુ ગ્રેડ | ૪૬ |
| બી વન ગ્રેડ | ૩૬૫ |
| બી ટુ ગ્રેડ | ૬૦૪ |
| સી વન ગ્રેડ | ૪૯૨ |
| સી ટુ ગ્રેડ | ૧૧૭ |
| ડી ગ્રેડ | ૫૧ |
| ઈ વન અને ઈ ટુ | ૫૮૯ |
| ટકાવારી | ૭૪.૦૩ |

## ભારત વિકાસ પરિષદ દ્વારા ૯મીએ ઇફેકટીવ લીડરશીપ પર સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૩

‘ઈફેકટીવ લીડરશીપ એન્ડ હાઉ ટુ કન્વીન્સ ધ પીપલ’ સેમીનાર ભારત વિકાલ પરિષદ ગાંધીનગર દ્વારા ખાસ કરીને ગાંધીનગરના યુવાન ભાઈ-બહેનો માટે રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

‘ઈફેકટીવ લીડરશીપ એન્ડ હાઉ ટુ કન્વીન્સ ધ પીપલ’ સેમીનાર તજજ્ઞ પ્રસિદ્ધ મેનેજમેન્ટ ટ્રેનર દિપક તેરૈયા અને કલ્યાસિંહ ચંપાવત તા. ૯મી જૂન, રવિવારે સેમીનાર હોલ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સેક્ટર-૧૦ એરફોર્સથી સામે રાખેલ છે. રીપોર્ટીંગ સમય સવારે સાડા નવ કલાકે શરૂ થશે. સેમીનાર શુલ્ક વ્યક્તિ દિઠ રૂા. ૧૫૦/- રાખેલ છે. ૫૦ ડેલીગેટસ લેવાના છે, તો ફોનથી સ્થાન નિશ્ચિત કરવું. તા. ૭મી જૂન સુધી ફોન કરવો. પ્રિયમ સોમાની, મો. ૯૪૨૮૬૯૨૨૬૮, દિવ્યા રાવલ, મો. ૯૫૫૮૩૨૪૨૪૮, હિના દવે, મો. ૯૪૨૬૫૮૦૦૬૫ છે.

## બી.બી.એ. કોલેજના ૧૨ વિદ્યાર્થીઓ સરકારી નોકરીમાં જોડાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બી.બી.એ. કોલેજના ૧૨ વિદ્યાર્થીઓએ સરકારી નોકરી મેળવી કોલેજને મોખરાનું સ્થાન અપાવ્યું છે.

બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.) ગાંધીનગર છેલ્લા ૧૨ વર્ષથી સંચાલન ક્ષેત્રે સ્નાતક કક્ષાનો શ્રેષ્ઠ અભ્યાસ પુરો પાડવાની સાથે સાથે વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતર તેમજ રોજગારી ક્ષેત્રે ઉત્તમ તકો પુરી પાડવામાં પણ અગ્રેસર રહ્યું છે. વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે માટે વર્ષ દરમ્યાન રોજગાર મેળા ઉપરાંત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી ક્ષેત્રે રોજગારી મેળવવામાં બી.બી.એ.નાં વિદ્યાર્થીઓએ મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન, રણધીરસિંહ ચાવડા તથા કુ. ચેતનાબહેન બિહોલાને ગુજરાત હાઈકોર્ટમાં ક્લાર્ક તરીકે નિયુક્તિ મેળવી છે. તથા સંજય ચૌહાણ, કુ. જાગૃતિ ચૌધરીને સચિવાલયમાં તેમજ જયદિપ ચાવડા અને અરવિંદ નંદાણિયાને ઈન્ડિયન આર્મીમાં નિયુક્તિ મેળવી છે. આ ઉપરાંત યુવરાજસિંહ ઝાલા, સમીર ચૌધરી, કિંજલ પાટડીયા, મેહુલ શાહ, જીતેન્દ્ર જસીયાસ, સહદેવસિંહ વાઘેલા તેમજ અન્ય હોનહાર વિદ્યાર્થીઓને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો તેમજ ખાતાઓમાં બી.બી.એ.ના અભ્યાસ કાર્ય દરમિયાન જ રોજગારી પ્રાપ્ત થઈ છે.

## એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળાનું ધો. ૧૨નું ૮૨.૯૦ ટકા પરિણામ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું વર્ષ-૨૦૧૩નું પરિણામ ૮૨.૯૦ ટકા આવ્યું છે.

શાળામાં ધોરણ-૧૨માં ૨૬૯ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં બેઠા હતા જેમાંથી ૨૨૩ જેટલા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. શાળાના વિદ્યાર્થી આરતી પ્રજાપતિએ ૮૪.૨૮ ટકા સાથે પ્રથમ અને વિરતી શાહે ૮૩.૧૪ તથા પિનલ દેસાઈએ ૭૮.૭૧ ટકા સાથે તૃતીય નંબર મેળવ્યો છે. શાળાના બે વિદ્યાર્થી એ-૨ ગ્રેડ, ૪૦ વિદ્યાર્થીઓ બી-૧, ૬૫ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડ, ૬૫ વિદ્યાર્થી સી-૧ અને સી-૨માં ૪૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

## ઓસ્ટ્રેલીયન સ્કીલ્સ ડેવલોપમેન્ટ અકાદમી દ્વારા અનોખી કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના યુવાધનમાં હાલ વિદેશમાં અભ્યાસ કરવા જવાનો ક્રેઝ ચાલી રહ્યો છે. ત્યારે ગાંધીનગર, અમદાવાદ સહિત ગુજરાતમાં અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ માર્ગદર્શન શિબિર યોજે છે. રવિવારે ઓસ્ટ્રેલિયન સ્કીલ્સ ડેવલોપમેન્ટ અકાદમી દ્વારા ગાંધીનગરમાં ન્યાય પરિષદ સેક્ટર-૧૧ ખાતે ધોરણ-૧૨ પછી સાયન્સ, આર્ટસ, કોમર્સ તથા ડિપ્લોમા પાસ સહિતના તમામ વિદ્યાર્થીઓ માટે વિદેશની યુનિવર્સિટીના ઉચ્ચ અભ્યાસને લગતુ માર્ગદર્શન આપતો કારકિર્દી સેમિનાર યોજવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલીયન સ્કીલ્સ ડેવલપમેન્ટ એકેડમી દ્વારા ધોરણ-૧૨ પછી વાલીઓ તથા વિદ્યાર્થીઓના વિદેશમાં ઉચ્ચ અભ્યાસની મુંઝવણ દૂર કરતો એક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ગાંધીનગર શહેરના વાલીઓ/ વિદ્યાર્થીઓઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનારમાં વિદેશની યુનિવર્સિટીમાં ડિગ્રીમાં પ્રવેશ મેળવવા શું કરવું ? કયા કયા ફિલ્ડમાં પ્રવેશ મેળવી શકાય. ફીનું માળખુ, રહેવા માટે હોસ્ટેલ વગેરેને લગતી તમામ વિદ્યાર્થી/ વાલીઓની સમસ્યાનો નિકાલ આપવામાં આવ્યો હતો. આ એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓને ચાર્લ્સ ડાર્વિન તથા યુનિવર્સિટી ઓફ બોલાર્ટમાં ચાલતા વિવિધ ડીગ્રી અભ્યાસક્રમો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઈન્ફર્મેશન ટેકનોલોજી, ઈન્ફર્મેશન સીસ્ટમ, મેનેજમેન્ટ એન્ડ એકાઉન્ટીંગ સ્ટડીઝ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશને લગતી માહિતી આપવામાં આવી હતી. અકાદમી દ્વારા આપવામાં આવેલ તમામ માહિતી સરળ ભાષામાં હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રભાવિત થયા હતા.

## ગાંધીનગર હાઈસ્કૂલ કોબાનું પરિણામ ૮૩.૩૩ ટકા

શ્રી જી.ડી.એમ તથા એચ.એન. જે કોબાવાળા, ગાંધીનગર હાઈસ્કૂલ કોબાનું પરિણામ ૮૩.૩૩% આવેલ છે. જેમાં પ્રથમ ક્રમે પટેલ કિન્નરીબેન ૮૪ ટકા, દ્વિતીય ક્રમે મજેઠીયા આનંદ જશાભાઈ ૭૩.૭૧ ટકા, તૃતીય ક્રમે ઠાકોર ગોવિંદભાઈ મંગાજી ૭૧.૪૨ ટકા પ્રાપ્ત કરી શાળા ગૌરવ વધારેલ છે. પાસ થયેલ તમામ વિદ્યાર્થીઓને ગાંધીનગર કેળવણી મંડળ તથા શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# યાદ રહે... જેણે શરીરને ઢાંક્યું છે તેની ગરિમા ગવાઇ છે...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

ટોરન્ટોમાં એક બળાત્કારની ઘટના બની, યુવતીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસ અધિકારીએ તે યુવતીના કપડાં જોઇ હળવી ટકોર કરી કે સ્ત્રીઓ પરના બળાત્કાર માટે તેમના અશ્લીલ પોષાકો જવાબદાર છે. આ વિધાનનો વિરોધ કરવા ટોરન્ટોમાં રેલીઓ નીકળી, એક માંગ ઉઠી કે યુવતીઓને મનગમતાં કપડાં પહેરવાની આઝાદી મળવી જોઇએ, કેવા કપડાં પહેરવા તે પસંદ કરવાનો અમને સ્વતંત્ર અધિકાર છે. વળી દલીલો સમર્થન આપવા દિલ્હીમાં પણ કેટલીક નારી સ્વતંત્રતાની હિમાયતી સમાજસેવી સંસ્થાઓએ રેલી કાઢી અને આ રેલીમાં સામેલ યુવતીઓ એ શરીરને અરધું ઢાંકે તેવા કપડાં પહેરી આક્રોશ વ્યક્ત કર્યો. આ રેલી યોજાઇ તેને ‘સ્લટ વોક’ ચળવળ કહે છે.

પ્રશ્ન એ છે કે સ્ત્રીઓને તેમને મનપસંદ કપડાં પહેરવાની સ્વતંત્રતા સામે પુરૂષોએ ક્યારેક વિરોધ કર્યો નથી. ખાસ કરીને ગુજરાતમાં યુવતીઓ રાત્રીનાં બાર પછી પણ બિન્દાસ રીતે ગમે ત્યાં સ્કૂટર પર હરીફરી શકે છે. શરાબની મહેફિલોમાં ઝુમી શકે છે, હુક્કા પાર્ટીમાં ભાગ લઇ શકે છે. બગીચામાં કે જાહેર સ્થળોએ પ્રેમી સાથે છૂટથી હરીફરી શકે છે. આ સમયે તેમની કુચેષ્ટા કે ચેષ્ટા સામે કોઇ વિરોધ કરતું નથી. સવાલ માત્ર સભ્યતા અને અસભ્યતા વચ્ચે છે. આધુનિકાઓએ સ્વતંત્ર અને સ્વચ્છંદતાના ભેદને સમજવાની જરૂર છે. ગોવા બીચ પર જે કપડાં પહેરીને ફરાય તેવા કપડાં અમદાવાદની સડકો પર પહેરીને ન ફરાય. ફિલ્મ અભિનેત્રીઓ જેવા કપડાં પહેરીને ફિલ્મમાં નૃત્ય કરે તેવાં કપડાં કોઇ પ્રસંગમાં પહેરીને ન જવાય, લેટેસ્ટ ડિઝાઇનના કપડાં પહેરીને કેટવોક કરતી માનુનિને તેવાં કપડાં રેમ્પવોક પર જ શોભે, જાહેરમાં તેવાં કપડાં પહેરીને ફરવામાં કૂતરા પણ ભસે પછી કૂતરાને બચકું ભરવા ન જવાય. કેટલાક જુગુપ્સાપ્રેરક કપડાં બળતામાં ઘી હોમવાનું કામ કરે છે તેવા કપડાં સામે જ લોકો ભવાં ચઢાવે છે.

શરીરના જે અંગો વિકૃતિ પેદા કરતા હોય તેનું પ્રદર્શન કરવાથી કોઇની કામવાસના ભડકે તેમાં જો પુરૂષોનો વાંક ગણાતો હોય તો ઋષિમુનિઓ પણ આવી વિકૃતિથી બાકાત રહી શક્યા નથી તો સામાન્ય માનવીનો શો વાંક? એમ માની લઇએ કે પુરૂષોની આ બાબતમાં હંમેશાં કમજોરી રહી છે, તો સ્ત્રીઓની સ્ત્રી સ્વાતંત્ર્યની વધુ પડતી ઘેલછા અને સ્વચ્છંદતા ચારિત્ર્ય હનન માટે કંઇક અંશે જવાબદાર ગણાય કે નહિ? અરે, વૈજ્ઞાનિક સ્વતંત્રતાએ એટલી માઝા મુકી છે કે હવે કેટલાક વિરલાઓ સજાતીય લગ્નને કાયદાકીય માન્યતા માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે. ફ્રાન્સની સરકારે તાજેતરમાં આવો કાયદો કર્યો પણ ખરો, (જો કે તેનો વિરોધ કરવા ૩ લાખ લોકો સડકો પર ઉતરી આવ્યા હતા)

મુંબઇની એક કોલેજના વાર્ષિક પ્રોગ્રામમાં કેટલીક છોકરીઓ કેબના પાનના સ્કર્ટ, કાગળનો પોશાક, અને “સી થ્રુ” (આરપાર જોઇ શકાય તેવા) કપડાં પહેરીને આવે છે. આવા પ્રોગામમાં યુવકો પણ પ્રમાભાન ગુમાવી છાટકા બને અને ચિત્રવિચિત્ર નખરાં કરે અને તેમાં કોઇ શિથિલ ચારિત્ર્યની છોકરી ફસાઇ જાય અને ન થવાનું થઇ જાય તો તેમાં વાંક ફક્ત યુવાનોનો છે? યુવાનો પણ સ્વતંત્રતા ના નામે ફક્ત અંડરવેર કે ગંજી પહેરીને ફરતા થઇ જાય અથવા ખુલ્લા દીલે ફરે તો સમાજ તેને માન્યતા આપશે? એમ તો ૧૯૦૦ની સાલમાં જર્મનીમાં “કલ્ટ ઓફ ન્યુડ”નામની સૌ પ્રથમ ન્યુડીસ્ટ સોસાયટીની સ્થાપના થયેલી જેમાં દરેક સભ્યોએ દિગંબર અવસ્થામાં જ આવવાનું રહેતું. હવે આનો જો કોઇ વિરોધ કરે તો તેને સ્વતંત્રતા પરની તરાપ કહી શકાય? જાપાનમાં “ન્યોતાઇ મોરી” એટલે કે ફિમેલ બોડી પ્લેટ એક રેસ્ટોરાંનું નામ છે જયાં નગ્ન યુવતીઓનાં શરીર પર વાનગીઓ પાથરી પીરસવામાં આવે છે. સંપૂર્ણ નગ્ન વેઇટરોને ટેબલ પર સુવડાવી તેના શરીરના વિવિધ ભાગો પર ફુડ આઇટમો સર્વ કરવામાં તેમના શરીરના વિવિધ ભાગો પર ફુડ આઇટમો સર્વ કરવામાં આવે છે આનો વિરોધ સ્વતંત્રતા પર તરાપ કહી શકાય?

૨૪ વર્ષીય પ્રખ્યાત ગાયિકા રિહાન્નાએ એક વિડીયો શુટીંગમાં સંપૂર્ણ નગ્ન થઇ બાથટબમાં સ્નાન કરતાં શુટીંગ કરાવેલું આને નારી સ્વાતંત્ર્ય કહી શકાય? કેટલાક જિનાલયોમાં સેક્સી ગાઉન, હાફપેન્ટ, બર્મુડા વગેરે પહેરવા પર પ્રતિબંધ મુકાયો તેનો વિરોધ કરતા કેટલાક લોકોએ દલીલો કરી કે આ પ્રકારે ડ્રેસ કોડ લાગુ કરવાથી વ્યક્તિને બંધારણે આપેલા હક્કનો ભંગ થાય છે. કમસે કમ દેવાલય જેવા પવિત્ર ધામમાં તો સ્વતંત્રતાનો વિચાર પડતો મુકો? એમાં ક્યાં તમારી આઝાદી છીનવાઇ જવાની છે?

આદિમાનવ જંગલમાં વસ્ત્રહીન અવસ્થામાં ફરતો હતો તેને આપણે જંગલી અવસ્થા કહેતા, ત્યાંથી માંડી તે વસ્ત્રો પહેરતો થયો તેને આપણે પ્રગતિ કહેતા હોઇએ તો હવે કપડાં કાઢીને ફરવાની પ્રક્રિયાને શું કહિશું? સ્વતંત્રતાનો અર્થ એવો હરગીઝ ન કરી શકાય કે જેનાથી સામાજિક માળખુ છિન્નભિન્ન થઇ જાય. સ્વતંત્રતા જો સંસ્કૃતિને બચાવી ન શકે તો એવો અસભ્ય અને અસંસ્કૃત સમાજ કેટલું ટકી શકે તે વિચારવું રહ્યું.

માની લીધું કે સ્ત્રીઓ પરના દુષ્કર્મ માટે પુરૂષોની વિકૃતિ જવાબદાર છે પણ કેટલીક અભિનેત્રીઓ કુંવારી માતા બને છે તેનો સમાજ કયાં વિરોધ કરવા ગયો? કપડાંની જેમ પુરૂષો બદલતી માનુનીઓનો સમાજે ક્યારે બહિષ્કાર કર્યો? ડાન્સબાર કે શરાબ પાર્ટીઓમાં મોટે ભાગે કોણ સેવાઓ આપે છે? અને એમની વેશભૂષા કેવી હોય છે? સમાજે તેમની સામે કયારે આંદોલન કર્યું? ફેશનેબલ કપડાં સામે સમાજે ક્યારેય વિરોધ નથી કર્યો પણ બેડરૂમના કપડાં રાજમાર્ગો પર પહેરવાની જીદ કરાય અને તે પણ સ્વતંત્રતાના નામે તે કેટલું વ્યાજબી છે?

મહત્ત્વની વાત એ છે કે સ્ત્રીને પુરૂષ સમોવડી થવા માટે શરીરને ખુલ્લુ રાખીને ફરવાની કોઇ આવશ્યકતા છે જ નહિ. જાહેર જીવનમાં ડંકો વગાડનારી વિરાંગનાઓ આવી ચળવળોમાં ક્યારેય ભાગ લેતી નથી. ઇન્દિરા ગાંધી, વિજયા લક્ષ્મી પંડિત, સોનિયા, મમતા બેનરજી, જયલલિતા, માયાવતી, સુષ્મા સ્વરાજ વિગેરેએ સંપૂર્ણ મર્યાદા સાથે જાહેર જીવનનાં નામના મેળવી છે. પણ જેનામાં આધુનિકતાના નામે ઉછ્રૃંકલતા પ્રવેશી છે, જેમને પ્રગતિ સાથે કંઇ લેવાદેવા નથી પણ ફક્ત પ્રગતિનો ડોળ કરવો છે, તેઓ જ ‘સ્લટ વોક’ જેવી ચળવળોમાં ભાગ લઇ પુરૂષ સમોવડી થવા હવાતિયા મારે છે અને સમાજની સભ્યતાને વેરવિખેર કરવા પ્રયત્ન કરે છે. યાદ રહે શરીરને ખુલ્લુ કરનારી માનુનીઓનાં ઇતિહાસ નથી લખાયા, જેણે શરીરને ઢાંક્યું તેની ગરિમા ગવાઇ છે.

## સામાન્ય પ્રવાહ : ગ્રેડ વાર રિઝલ્ટનું ચિત્ર...

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહમાં ૫૧૭૪૦૦ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૫૧૨૯૧૧ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૫૧૭૪૦૦ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૫૧૨૯૧૧ |
| એ વન ગ્રેડ | ૯૧ |
| એ ટુ ગ્રેડ | ૬૪૯૩ |
| બી વન ગ્રેડ | ૪૭૪૫૮ |
| બી ટુ ગ્રેડ | ૧૦૫૧૪૭ |
| સી વન ગ્રેડ | ૧૦૬૭૯૧ |
| સી ટુ ગ્રેડ | ૪૫૪૮૧ |
| ડી ગ્રેડ | ૨૯૨૫૨ |
| ઈ વન અને ઈ ટુ | ૧૭૨૧૯૮ |
| ટકાવારી | ૬૬.૪૩ |

## વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગ્રેડ વાર પરિણામ.......

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ વ્યવસાયલક્ષીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જે ૭૪.૦૩ ટકા રહ્યું છે. વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૨૨૭૪ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૨૨૬૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયલક્ષી પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૨૨૭૪ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૨૨૬૫ |
| એ વન ગ્રેડ | ૧ |
| એ ટુ ગ્રેડ | ૪૬ |
| બી વન ગ્રેડ | ૩૬૫ |
| બી ટુ ગ્રેડ | ૬૦૪ |
| સી વન ગ્રેડ | ૪૯૨ |
| સી ટુ ગ્રેડ | ૧૧૭ |
| ડી ગ્રેડ | ૫૧ |
| ઈ વન અને ઈ ટુ | ૫૮૯ |
| ટકાવારી | ૭૪.૦૩ |

# સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટી ખાતે રમતગમત અને શારીરિક શિક્ષણના અભ્યાસના ક્ષેત્રમાં રહેલ ઉજ્જવળ તકો

રમતગમત ક્ષેત્રમાં ગુજરાતના ઉજ્જવળ ભાવિ માટે ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીની સ્થાપના દ્વારા એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં અન્ય દેશો સાથે સ્પર્ધામાં ટકી રહેવા ગુજરાત સરકાર રાજયમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહી છે. સરકારના આવા પ્રયત્નોથી ગુજરાત રાજયમાં રમત-ગમતના ક્ષેત્રમાં યુવાનો માટે રહેલી અસંખ્ય તકો માટેના દ્વાર ખુલ્યા છે.

આ ફિલ્ડનો સૌથી મોટો ફાયદો એ છે કે રમત-ગમતના ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી ઘડવા માટેની પણ અસંખ્ય તકો રહેલી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીમાં યુવાનો માટે ઉચ્ચ કારકિર્દીલક્ષી અનેક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે. અત્યાર સુધી રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓ શાળા સ્તરે અને કોલેજ સ્તરે જ સામાન્ય રીતે યોજાતી હતી. જેના કારણે સ્પોટર્સ કોચીસ અને શારીરિક શિક્ષણ વિષયના સ્નાતકો માટે રોજગારીની તકો ઘટી ગઈ હતી. પરંતુ હવે પબ્લીંક સેકટર્સ ઉપરાંત પ્રાઈવેટ સેકટર્સમાં પણ આ ફિલ્ડમાં રોજગારી અને કારકિર્દીની અનેક તકો ઉભી થઈ છે.

આધુનિક સમયમાં શિક્ષણના ક્ષેત્રમાં જ્યારે ઈન્ટરનેશનલ ડે સ્કુલ્સ અસ્તિત્વમાં આવી છે ત્યારે તેમાં રમત-ગમત અને શારીરિક શિક્ષણના સ્પોટર્સ કો-ઓર્ડિનેટર માટેની માંગ ઉભી થઈ છે. ઉપરાંત આધુનિક સમયમાં રીક્રીએશન કલબો, ફાઈવ સ્ટાર હોટેલ્સ, મોર્ડન ટાઉનશીપ, મનોરંજન માટેના પાર્ક કોર્પોરેટ સોસાયટી તથા ઉત્કૃષ્ટ કક્ષાની વર્લ્ડ કલાસ ફેસીલીટી ધરાવતી બિલ્ડીંગમાં પણ સ્પોર્ટીંગ ફેસીલીટી હાલમાં વિકસાવવામાં આવી રહી છે. તેમાં પણ સ્પોર્ટસ કો ઓર્ડિનેટર, સ્વિમીંગ પુલ એટેન્ડન્ટ, જીમ કોચ, રીક્રીએશન મેનેજર તરીકેની નોકરીની ઉજવળ તકો રહેલી છે.

હાલમાં ભારતના યુવાનો માટે એડવેન્ચર સ્પોર્ટસ અને સ્પોર્ટસ ટુરિઝમ બંને ક્ષેત્રોમાં વિશાળ તકો રહેલી છે. એડવેન્ચર એકટીવીટીઝ તથા આંતર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા આયોજનમાં તજજ્ઞ તરીકે ભૂમિકા ભજવવા આ ક્ષેત્રોના તજજ્ઞો તૈયાર કરવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના માધ્યમથી પી.જી. ડિપ્લોમા ઈન સ્પોર્ટસ ટુરિઝમ અને પી.જી ડિપ્લોમા ઈન એડવેન્ચર સ્પોર્ટસ એડમીનીસ્ટ્રેશન જેવા અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવનાર છે, હાલ એડવેન્ચર સ્પોર્ટસ, સ્પોર્ટસ ટુરિઝમનું ક્ષેત્ર રમત-ગમતની પ્રવૃત્તિ અને રમતનું જ્ઞાન નહિં ધરાવતા લોકો પાસે છે. જેને કારણે ઉત્કૃષ્ટકક્ષાના કાર્યક્રમો તથા તાલીમનું આયોજન થઈ શકતું નથી. આ ક્ષેત્રે અનુસ્નાતક સ્તરના અભ્યાસક્રમોનું પણ ભવિષ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવશે.

તદ્ઉપરાંત સ્પોર્ટસ ઈવેન્ટ મેનેજમેન્ટના ક્ષેત્રમાં પણ વિશાળ તકો રહેલી છે. એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સના ક્ષેત્રમાં જે વિવિધ તકો રહેલી છે તેમાં સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ જર્નાલીઝમ, સ્પોર્ટસ લૉ, સ્પોર્ટસ ટુરિઝમ, સ્પોર્ટસ મસાજ અને એકસસાઈઝ થેરાપી તથા ફીટનેશ ઈન્ડસ્ટ્રીમાં અનેકવિધ તકો પડેલી છે અને આ ક્ષેત્રે યોગ્ય તજજ્ઞોની મોટી અછત છે. આ અછતને પહોંચી વળવા શારીરિક શિક્ષણ ક્ષેત્રે થનાર સ્નાતકો માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નેજા હેઠળ શરૂ થનાર ફેકલ્ટી ઓફ એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સમાં શરૂ થનાર વિવિધ ડિપાર્ટમેન્ટ જેવા કે સ્પોર્ટસ ફીઝીઓથેરાપી, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ચર સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ મેડીસીન, સ્પોર્ટસ ટુરિઝમ અને સ્પોર્ટસ જર્નાલીઝમ જેવા ડીપાર્ટમેન્ટમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ થનાર છે. ગુજરાતમાં તથા ભારતભરમાં તેની ખૂબ મોટી માંગ ઉભી થયેલ છે. જેને પહોંચી વળવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટીઓ સાથે પાર્ટનરશીપ કરી ભારતમાં નહીં પરંતુ વિદેશમાં પણ નોકરીની ઉજળી તકો થાય તે પ્રકારના પ્રયત્નો કરવામાં આવનાર છે.